સૂક્ષ્મ સિંચાઇ યોજના માટે વર્ષ ૨૦૧૪-૧૫માં શેડનેટ/પોલીહાઉસ માટે નવી બાબત તરીકે મંજૂર કરેલ નવી બાબત માટે વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ નંબર: બજટ/૨૦૧૪-૧૫/નવીબાબત/શેડનેટ/ન
બ્લોક.નં.૯, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૮/૦૮/૨૦૧૪

14 AUG 2014

આમુખઃ-

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના નર્મદા પ્રભાગ નીચે રાજયમાં વર્ષ ૨૦૦૫ થી ચાલુ આયોજન હેઠળની સૂક્ષ્મ સિંચાઇ યોજના હાલ અમલમાં છે રાજયમાં સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિની સાથે સાથે શેડનેટ/પોલીનેટ હાઉસની રક્ષિત ખેતી યોજનાને પાયલોટ પ્રોજેકટ તરીકે ૨૫૦ ચો.મી થી ૨૦૦૦ ચો.મી. સુધીના વિસ્તારમાં અમલી બનાવવા અંગે રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષના બજેટમાં નવી બાબત તરીકે મંજૂરી આપવામાં આવેલ છે.

ઠરાવ;

આમુખમાં દર્શાવેલ વિગતે નર્મદા જળ સંપત્તિ અને પા.પુ.અને કલ્પસર વિભાગ ધ્વારા સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ શેડનેટ/પોલીહાઉસ માટેની યોજના અંતર્ગત પાયલોટ પ્રોજેકટ તરીકે વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં નવી બાબત તરીકે રૂ.૧૦.૦૦/- કરોડ (અંકે રૂપિયા દશ કરોડ પુરા)ની નીચેની શરતોને આધીન અમલીકરણ એજન્સી તરીકે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીને ખર્ચ કરવા વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

પાયલોટ પ્રોજેકટ તરીકે યોજનાની અમલીકણની કાર્ય પ્રણાલી.

- રાજયમાં શરૂઆતમાં પાયલોટ પ્રોજેકટ તરીકે ચાલુ નાણાકીય વર્ષમાં મંજૂર થયેલ બજેટની મર્યાદામાં જીજીઆરસી દ્વારા માન્ય યોજનાના સપ્લાયરો મારફત જુદા જુદા જીલ્લાઓમાં રસ ધરાવતા ખેડુતોની માંગ ઉભી કરવામાં આવશે. પાયલોટ પ્રોજેકટના પરિણામોના આધારે મૂલ્યાંકન કરી જરૂર જણાયે યોજના આખરી સ્વરૂપે નકકી કરવામા આવશે જે માટે અલગ ઠરાવ બહાર પાડવામાં આવશે.
- જીઆરસી દ્વારા આવા ખેડુતોની અરજીઓ મળવાથી સૂક્ષ્મ સિંચાઇ યોજનાની માફક અરજી અન્વયે શેડનેટ/પોલીહાઉસની ઇનસ્ટોલેશન ની કામગીરી કરવામાં આવશે.
- સબસીડીના સુચીત ધોરણો શેડનેટ/પોલીહાઉસની કૂલ કિંમત ૫૦:૫૦ ના પ્રમાણમાં જીજીઆરસી(સરકાર) અને લાભાર્થી ખેડુત વચ્ચે વહેંચવાની રહેશે.
- જીજીઆરસી દ્વારા ખેડુતોને તાલીમ ઉપરાન્ત ઉપયોગ મરામત જાળવણી અને અન્ય કૃષિ વિષયક સેવાઓ ૧ વર્ષ સુધી સપ્લાયર મારફત આપવામાં આવશે.

આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાંઆવતી ગ્રાંટની મર્યાદામાં નીચેના સદરે કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માગણી ક્રમાંક | : | ૬૬ |
| મુખ્ય સદર | : | ૪૭૦૨ નાની સિંચાઇ યોજના મુડી ખર્ચ |
| પેટા મુખ્યસદર | : | ૦૦ |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૦૧ એમ.એન.આર-૨૫૧ ટપક સિંચાઇ માટે જીજીઆરસીનો હિસ્સો |
| વિગતવાર સદર: | | રક્ષિત ખેતી શેડનેટ/પોલીહાઉસ પ્રોજેકટ |

શરતોઃ-

(૧) વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષ માટે અંદાજપત્રિય જોગવાઇને આધીન, નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાંઆવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ કામગીરી માટે નિયમાનુસાર આગામી વર્ષમાં પૂરતી અંદાજપત્રિય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આલેખન અને નકશા પર સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી લેવાનીરહેશે.

(૬) રજૂ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-છ માં ઇ ટેન્ડીરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇ/સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૮) સુચિત કામો નરેગા હેઠળ લેવાના થતાં હોય તો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજુરો દવારા જ કરવામાં આવે તેની અચુક તકેદારી રાખવાની રહેશે.

આ હુકમ સરકારશ્રીની આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ નાણાં વિભાગની તા.૦૫.૦૮.૨૦૧૪ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.બી.પટેલ)
ઉપ સચિવ(નર્મદા)
ન.જ.પા.પૂ.અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

A.B.Patel.julay-2014